# Visit of Vice President of India to Cambodia (11-13 November 2022)

# ભારતનાં ઉપ રાષ્ટ્રપતિની કમ્બોડીયાની મુલાકાત (11-13 નવેમ્બર 2022)

07 નવેમ્બર, 2022

1. ASEAN-ભારત સ્મારક શિખર સંમેલન અનને 17માં પૂર્વ એશિયા શિખર સંમેલનમાં હાજરી આપવા માટે ભારતનાં માનનિય ઉપ રાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખર 11-13 નવેમ્બર 2022 નાં રોજ કમ્બોડિયાની મુલાકાત લેશે. ASEAN નાં વર્તમાન અધ્યક્ષ તરીકે કમ્બોડિયા આ શિખર સંમેલનો યોજી રહ્યો છે. ઉપ રાષ્ટ્રપતિની સાથે વિદેશ મંત્રી એસ. જયશંકર જશે.

2. 12 નવેમ્બર 2022 નાં રોજ ઉપ રાષ્ટ્રપતિ ફ્નોમ પેન્હમાં ASEAN-ભારત સ્મારક શિખર સંમેલનમાં હાજરી આપશે. આ વર્ષ ASEAN-ભારત સંબંધોની 30મી વર્ષગાંઠ અંકિત કરે છે અને તેને ASEAN-ભારત મૈત્રી વર્ષ તરીકે ઉજવવામાં આવી રહ્યું છે.

3. 13 નવેમ્બર 2022 નાં રોજ, ઉપ રાષ્ટ્રપતિ 17માં પૂર્વ એશિયા શિખર સંમેલનમાં ભાગ લેશે જે દસ ASEAN સભ્ય રાષ્ટ્રો (દા.ત. બ્રુનેઇ દારુસલામ, કમ્બોડિયા, લાઓસ, મલેશિયા, મ્યાનમાર, સિંગાપોર, થાઈલેન્ડ, ફિલિપિન્સ અને વિયેતનામ) અને સમાવે છે અને તેનાં આઠ સંવાદ ભાગીદારો છે- ભારત, ચીન, જાપાન, કોરીયા ગણરાજ્ય, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુનાઈટેડ સ્ટેટ્સ અને રશિયા.

4. તેઓની મુલાકાત દરમિયાન, ઉપ રાષ્ટ્રપતિ કમ્બોડિયાની આગેવાની સાથે દ્વિપક્ષીય સામેલગીરીઓ પણ કરશે. શિખર સંમેલનોનાં અવકાશમાં, તેઓ અન્ય દેશોનાં આગેવાનો સાથે દ્વિપક્ષીય મીટિંગો પણ યોજશે.

5. ફ્નોમ પેન્હથી પરત ફરતી વખતે, કમ્બોડિયન હેરિટેજ સ્થળો પર ભારત દ્વારા હાથ ધરવામાં આવી રહેલા સંરક્ષણ અને જીર્ણોદ્ધારનાં કામની સમીક્ષા કરવા માટે ઉપ રાષ્ટ્રપતિ સિએમ રીપની પણ મુલાકાત લેશે.

**નવી દિલ્હી**
**7 નવેમ્બર 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.